જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૪/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૦૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૪૯૨ લીટર દેશી દારૂ, ૧૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૦૮ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૨૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૦૬/૨૦૨૬**

ક્રાઈમ બ્રાન્ચઃ વિપુલભાઇ હિરાભાઇ (ઉ.વ.૩૫) (રહે.શાંતિનગર સોસાયટી ખોડીયાર જ્યોતની અંદર નિકોલ રોડ ઠક્કરનગર) એ તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે વિપુલભાઇ નાઓ એમ્બ્રોડરીનો ધંધો કરતા હોય માહે ફેબ્રુઆરી–૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અજીતેશભાઇ કમલેશભાઇ કંધારી (રહે. ગોયલ ટેરેશ જીસ બંગલો બોડકદેવ) એ રાયપુર માર્કેટ સુમેલ બીઝનેસ પાર્ક–૧ ગૌરીક ફેશન ખાતે કુલ રૂપિયા ૬૧,૨૮,૩૩૦/– ૬૦ દિવસની ઉધારીમાં એમ્બ્રોડરી વર્ક કરાવી બાકી નિકળતા રૂપિયા ૪૦,૨૬,૪૫૧/– નહી ચુકવી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪ પો.સ.ઈ.શ્રી ડી.ડી.સોલંકી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૦૭/૨૦૨૬**

અમરાઇવાડીઃ ભાવેશભાઈ શાંતિલાલ જૈન (રહે. શ્રીરામ રો–હાઉસ મેટ્રો પિલ્લર નંબર– ૬૯ સામે રબારી કોલોનીની બાજુમાં અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૦૮/૦૪/૨૦૨૬ કલાક ૦૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬,૨૮,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.ચાવડા ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ ચંદ્રશેખર દિનકર પોદ્દાર (ઉ.વ.૬૦) (રહે. શિવાનંદ બંગ્લોઝ અન્નપુર્ણા હોટલ પાછળ જશોદાનગર વટવા જીઆઈડીસી) એ તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૬ સાંજના ૦૬/૩૦ થી તા.૦૮/૦૪/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

દાણીલીમડાઃ હલીમાબીબી વિ ડો/ઓ અબ્દુલરહેમાન તલાટ (ઉ.વ.૯૦) (રહે. નાગોરીની ચાલી સફી મંજીલ શાહરૂખ એપાર્ટેમેન્ટ સામે શાહઆલમ) એ તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ થી તા.૦૮/૦૪/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.સોલંકી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૫૦૮/૨૦૨૬**

નરોડાઃ ચંદ્રભુષણ બેચુપ્રસાદ પાસી (ઉ.વ.૫૬) (રહે. બંસીપાર્ક જોગણી માતાના મંદિર પાસે મુઠીયા ગામ નરોડા) તા.૦૮/૦૪/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી. ભવાની ફેક્ટરીમાં કામ કરતા હતા ત્યારે શેડ ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને નરોડા પાર્વતી જાદવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીગ્નેશ ડાહ્યાલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી